ગાંધીનગર સમાચાર



# માટીની ગણેશજીની મૂર્તિનું વિસર્જન પણ ઈકો ફ્રેન્ડલી

**સેક્ટર-૨૩માં અભિજીત ગુજરાતીએ માટીના ગણેશજીની સ્થાપના કરી અને તેનું વિસર્જન પણ પર્યાવરણોપયોગી રીતે કર્યુ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સે. ૨૩માં અભિજીત એસ. ગુજરાતી દ્વારા માટીમાંથી બનાવેલા ઈકો ફ્રેન્ડલી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. આ ગણપતિનું વિસર્જન પણ પર્યાવરણને ઉપયોગી નિવડે તે પ્રમાણે કરી તેમણે પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.



હાલ નગરમાં ગણેશોત્સવ તેની ચરમસીમાએ પહોંચ્યો છે. અને સમગ્ર ગાંધીનગરમાં શ્રદ્ધાળુઓએ વિઘ્નહર્તાની મનોરમ્ય મૂર્તિઓની સ્થાપના કરી છે. શહેરમાં સ્થાપના કરવામાં આવેલ મોટા ભાગની મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસની બનેલી છે. જેનું નદી કે તળાવમાં વિસર્જન કરવાથી પર્યાવરણને ગંભીર નુકશાન થવાની શક્યતા રહેલી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ગણેશોત્સવમાં પર્યાવરણને હાનિ ના પહોંચે તેવી માટીની મૂર્તિઓ સ્થાપવા સરકાર તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવે છે. જો કે પીઓપીની મૂર્તિઓ દેખાવમાં આકર્ષક અને મજબૂત હોવાથી ગણેશભક્તો આ જ મૂર્તિઓની સ્થાપના કરવાનું વધુ પસંદ કરે છે.

જોકે, ગાંધીનગરના કોબા હાઈવે પરની વિલેજ વાટિકાવાળા અભિજીત ગુજરાતીએ માટીથી બનાવેલ ગણપતિની મૂર્તિની સ્થાપના પોતાના ઘરે કરી હતી. વળી, આ મૂર્તિનું વિસર્જન પણ તેમણે એવી રીતે કર્યું છે કે અન્યો માટે તે ઉદાહરણરૂપ ઘટના બની જવા પામ્યું છે. તેમણે મૂર્તિને એક પાણી ભરેલા નળાકાર પાત્રમાં પધરાવી તેને બંધ કરી મુકી દીધુ છે. બે દિવસમાં આ મૂર્તિ પાણીમાં ઓગળી જશે ત્યારે તે માટી યુક્ત પાણીને પોતાના બગીચાના ક્યારાઓમાં વિસર્જીત કરી દેવાશે. આમ અનોખી રીતે ઉજવેલ આ ગણેશ ઉત્સવથી પર્યાવરણને ફાયદો થશે તેમજ અન્યો માટે પ્રેરણારૂપ બની રહેશે.

# ગાંધીનગરમાં ડેન્ગ્યુનો કહેર યથાવત

**ડેન્ગ્યુના દર્દીઓનો આંક ૫૦ને પાર કરી ગયો : બે દિવસમાં નવા ૮ જેટલા દર્દીઓ મળ્યા : તંત્ર દ્વારા સર્વેલન્સ સઘન બનાવાયું : સેક્ટર-૫માં દર્દીઓ વધુ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યામાં ગત વર્ષ કરતાં આ વર્ષે વધુ ઉછાળો જોવા મળી રહ્યો છે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે શહેરમાં છેલ્લા બે દિવસમાં ૮ જેટલા નવા કેસો ડેન્ગ્યુના નોંધાયા છે. જો કે આ દર્દીઓ ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૫૦ના આંકને પણ પાર કરી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૫, ૨૧, ૧૨, ૧૩ અને ધોળાકુવા વિસ્તારમાંથી આ કેસો નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્ર દ્વારા શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યું છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે વધુ નોંધાયેલા જોવા મળી રહ્યા છે. તંત્ર દ્વારા પણ ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં પકડવામાં આવ્યા છે અને તેનો નાશ પણ કરવામાં આવ્યો છે.

આ વર્ષે સામાન્યતઃ નોંધાતા કેસોની તુલનામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યાનું તંત્ર પણ આડકતરી રીતે સ્વીકારી રહ્યું છે. જો કે હાલ સતત બદલાતુ વાતાવરણ અને તાપમાનમાં ભેજનું પ્રમાણ મચ્છરોની ઉત્પત્તિને સાનુકૂળતા પુરી પાડી રહ્યાનું માનવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓની સાથે સાથે મેલેરિયાના સાદા કેસો પણ છુટા છવાયા મળી રહ્યા છે. તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે.

# આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ત્રણ દિવસથી સર્વર બંધ અરજદારોએ ધક્કા ખાવાનો વારો

**ત્રણ દિવસથી લાઇસન્સ ઇસ્યુ કરવાની કામગીરી ટલ્લે**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં છેલ્લા ત્રણ દિવસથી સર્વર બંધ હોવાથી લાઈસન્સ તેમજ ડ્રાઈવીંગ ટ્રેકની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. છેલ્લા ત્રણ દિવસથી અરજદારોને કોઈપણ પ્રકારના લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા નથી જયારે રિન્યુઅલની કામગીરી પણ ખોરવાઈ ગઈ છે.

શહેરના ગ માર્ગ પર સ્થિત નગરની પેપરલેસ આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ખોટવાતા કામગીરી પણ ખોરવાઈ જાય છે.આર ટી ઓ કચેરીનો સઘળો વહીવટ આંગળીના ટેરવે હોવાની વાતો થાય છે. ત્યારે અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. હાઈટેક આર ટી ઓ કચેરીમાં છેલ્લા ત્રણ દિવસથી સર્વર બંધ રહેવાથી કોઈપણ પ્રકારની કામગીરી થઈ શકી નથી જયારે ભારોભાર અવ્યવસ્થા વચ્ચે અરજદારોએ પણ મુંઝવણમાં

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં ૫ કરોડના ખર્ચે સેલ્સ ટેક્ષ કચેરીનુ નવુ મકાન બનશે

**હાલ ભાડાના મકાનમાં કચેરી કાર્યરત છે : પોલીસ ગ્રાઉન્ડમાં અદ્યતન બિલ્ડીંગ બાંધવામાં આવશે**

ગાંધીનગર તા ૨૩

કલોલમાં સેલ્સ ટેક્ષ કચેરી નવી બનાવવામાં આવશે. કલોલમાં પોલીસ ગ્રાઉન્ડમાં નવી કચેરી માટે જગ્યા ફાળવવામાં આવી છે. ૨૭૦૦ ચો.મી જગ્યામાં સેલ્સ ટેક્ષની અધતન કચેરીનુ નિર્માણ કરવામાં આવશે. નવી કચેરીના નિર્માણ પાછળ રૂપિયા ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે હાલ ભાડાના મકાનમાં કાર્યરત કચેરીને પોતાનુ મકાન મળશે. ટેન્ડર પ્રક્રીયાના અંતે કચેરી નિર્માણનુ કામ હાથ ધરવામાં આવશે.

કલોલમાં સેલ્સ ટેક્ષ કચેરી પાસે પોતાનુ મકાન ન હોવાથી છેલ્લા ઘણાં સમયથી કચેરી ભાડાના મકાનમાં કાર્યરત છે. જયારે સરકાર દ્વારા વિભાગની પોતાની કચેરીના નિર્માણ માટે જગ્યા ફાળવી દેવામાં આવી છે. કલોલના પોલીસ ગ્રાઉન્ડમાં કચેરીના નિર્માણ માટે ૨૭૦૦ ચોમી જગ્યા ફાળવવામાં આવી છે. કચેરીના નિર્માણ માટે માર્ગ મકાન વિભાગ દ્વારા કામને મંજુરી આપી દેવાતા તંત્ર દ્વારા કાર્યવાહી હાથ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૨ ગણેશોત્સવ સમિતિ દ્વારા ભાવપૂર્વક ગણેશ વિસર્જન

**શ્રીજીની દિવ્ય મુર્તિની પુજાવિધિ બાદ ભાવિકો ડી.જે.ના તાલે ઝુમ્યા : વિસર્જનમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી અંતિમ તબક્કામાં છે. ત્યારે મોટાભાગના સ્થળોએ ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજવામાં આવી રહયો છે. સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા શહેરમાં સતત ૪૪ વર્ષથી ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. એક સપ્તાહ દરમિયાન ગણેશોત્સવ દરમિયાન રંગારંગ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આજે ગણેશ વિસર્જન દરમિયાન પણ મોટી સંખ્યામાં ભાવિકોએ ગણપતિ બાપા મોરીયાના નાદ વચ્ચે ભકિતરંગથી રંગાયા હતા.





ગાંધીનગરમાં ગણેશોત્સવની ઉજવણી અંતિમ તબક્કામાં છે. ત્યારે મોટાભાગના સેકટરોમાં શ્રીજીની મુર્તિનુ વિસર્જન કરી દેવામાં આવ્યુ છે. શહેરમાં સૌ પ્રથમ ગણેશોત્સવની ઉજવણીની શરૂઆત સે -૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા કરવામાં આવી હતી. જયારે આ વખતે પણ સતત ૪૪માં વર્ષે ગણેશોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત સપ્તાહ દરમિયાન ડાયરો ,દેશ ભકિતના ગીતો તેમજ વિવિધ નૃત્યો

● અનુસંધાન પાન-૭ પર

# આજે હાર્દિકને હાઈકોર્ટમાં રજૂ કરાશે

**લાપતા હાર્દિક અંતે નજરે પડતા સસ્પેન્સનો અંત : ધ્રાગંધ્રા પાસે દેખાયાની જાણ થયા બાદ પોલીસ આવતીકાલે હાર્દિકની વિધિસર અટકાયત કરી હાઈકોર્ટમાં રજૂ કરે એવી શકયતા વર્તાય છે**

અમદાવાદ,તા. ૨૩

છેલ્લા ચોવીસ કલાકથી નાટ્યાત્મક રીતે લાપત્તા બનેલ પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ આજે સવારે ધ્રાગંધ્રા - હળવદ માર્ગ પર મળ્યાની જાણ થતાં રહસ્યનો અંત આવવા પામ્યો હતો. આજ રાત સુધી હાર્દિક પટેલ મીડીયાને મળી શક્યો નથી. જેના સંદર્ભે વિવિધ પ્રકારની ચર્ચાઓએ સ્થાન લીધું છે. બપોર બાદ હળવદથી ૧૨ કિ.મી. દૂર હાર્દિક મીડીયાને મળશે એવી વાતોના પગલે હાર્દિકના સમર્થકો અને મીડીયા કર્મીઓ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. સાથોસાથ પોલીસ બંદોબસ્ત પણ ચુસ્ત ગોઠવાયો હતો. કર્યું હતું અને આખી રાત ગાડીમાં ગોંધી રાખી ઘુમાવ્યો હતો. ધમકી આપી હતી, લાલચો આપી હતી અને વહેલી સવારે ધ્રાગંધ્રા પાસે છોડી દેવાયો હતો. આ શખ્સો પોલીસ પણ હોઈ શકે તેવો દાવો હાર્દિકે મેસેજમાં કર્યો હોવાનું જાણવા મળે છે.



૧૦ મિનિટ, ૧૫ મિનિટની વાતો છતાં મોડી સાંજ સુધી હાર્દિક જોવા મળ્યો નહોતો. જોકે હાર્દિકના વકીલ બાબુભાઈ મંગુકીયાએ મીડીયા કર્મીઓને જણાવ્યું હતું કે, હાર્દિક સાથે મારે વાત થઈ છે અને તેને કોઈ અજાણ્યા શખ્સોએ ગોંધી રાખ્યો હતો અને વહેલી સવારે હળવદ પાસે મુક્ત કરાયો છે. સ્વસ્થ થઈ જશે ત્યારે તેને આવતીકાલે સાંજ સુધીમાં કોર્ટ સમક્ષ હાજર કરાશે. હાર્દિકના સાથી મિત્રો દિનેશ પટેલ પર હાર્દિકનો મેસેજ આવ્યો હતો જે મીડીયા કર્મીઓને બતાવતા સૌએ હાર્દિકની મુક્તિની નોંધ લીધી હતી. મેસેજમાં જણાવ્યા મુજબ હાર્દિકને તેનપુર પાસેથી જ કોઈ અજાણ્યા શખ્સોએ અપહરણ

આ અસામાન્ય ઘટનાક્રમના પગલે પટેલ આંદોલનને આગળ વધારી રહેલા હાર્દિક પટેલ થોડાક

● અનુસંધાન પાન-૭ પર

## અસામાન્ય ઘટનાક્રમ

### વહેલી પરોઢે કોર્ટમાં સુનાવણી

- રાત્રે ૧૦ વાગ્યે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા હાર્દિકને શોધવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ તેની કોઈ ભાળ મળી નહતી
- હાર્દિકની કોઈ ભાળ ન મળતા અને સંપર્ક ન થતાં પાટીદાર સમિતિના સભ્યોએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરીને તરત સુનાવણીની માંગ કરી હતી
- રાત્રે ૧૧ વાગ્યે ચીફ જસ્ટીસ પાસે સુનાવણી માટે સમય માંગવામાં આવ્યો હતો
- રાત્રે ૧૨.૩૦ વાગ્યે સુનાવણી માટે સમય મળી ગયો હતો
- રાત્રે ૨ વાગ્યે વકીલ બીએમ માંગુકિયા જસ્ટિસ એમઆર શાહના બંગલા ઉપર પહોંચ્યા હતા
- રાત્રે ૨.૧૫ વાગ્યે જસ્ટિસ એમઆર શાહ અને કેજે ઠાકરની બનેલી ડીવીઝન બેંચે સમગ્ર મામલાની સુનાવણી હાથ ધરી હતી
- રાત્રે ૨.૪૫ વાગ્યા સુધી સુનાવણી ચાલી હતી અને સુનાવણી પૂર્ણ કરવાની જાહેરાત કરાઈ હતી
- ૨.૪૫ વાગ્યે હાઈકોર્ટે અનામત આંદોલન લીડર હાર્દિક પટેલને કોઈપણ સંજોગોમાં શોધી કાઢવા માટે સરકાર, ડીજીપી, રેન્જ આઈજીને આદેશ કર્યો હતો

## હાર્દિક પટેલના એડવોકેટને અટકાવી પુછપરછ કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

હાર્દિક પટેલના એડવોકેટ બાબુભાઈ માંગુકીયાને અટકાવીને હાર્દિક અંગે પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે સભા બાદ હાર્દિક પટેલ ગાયબ થતાં હાર્દિકના એડવોકેટ બાબુભાઈ માંગુકીયાએ હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સ અરજી દાખલ કરી હતી. આજે હાર્દિક પટેલના એડવોકેટ બાબુભાઈ માંગુકીયા આજે હળવદ જઈ રહ્યા હતા ત્યારે હળવદ ટોલટેક્સ પાસે તેમને અટકાવવામાં આવ્યા હતા અને હાર્દિક અંગે પુછપરછ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## પોલીસે ગોંધી રાખ્યો હોવાનો હાર્દિકની વાત ખોટી છે : ગૃહ રાજ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૩

પોલીસે ગોંધી રાખ્યો હોવાના હાર્દિકના આક્ષેપોને રાજ્યના ગૃહ રાજ્યમંત્રીએ ખોટા હોવાનું જણાવીને કહ્યું હતું કે પોલીસે તેની અટકાયત કરી જ નથી. હિંમતનગરના તેનપુર ખાતે યોજાયેલી સભા બાદ અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ અચાનક ગુમ થઈ ગયો હતો. આજે હાર્દિક પટેલે તેને પોલીસે ગોંધી રાખ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

હાર્દિકે પોલીસ ઉપર કરેલા આક્ષેપ અંગે આજે પ્રતિક્રિયા આપતા રાજ્યના ગૃહ રાજ્યમંત્રી રજનીકાંતભાઈ પટેલે જણાવ્યું હતું કે પોલીસે તેને ગોંધી રાખ્યો હોવાનો આક્ષેપ ખોટો છે. પોલીસે તેની અટક કરી જ નથી કે તે ક્યાં છે તેની ખબર નથી. શાંતિને ડહોળનાર કોઈ પણને બક્ષવામાં નહી આવે. હાર્દિક પટેલ પ્રજાને આવી વાતો કરીને ગેરમાર્ગે દોરી રહ્યો છે.


**બેસણું**



મારા પિતાશ્રી **ઠાકોરભાઈ શાંતિલાલ પાનવાલા**નું તા. ૨૨-૯-૨૦૧૫ના રોજ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૪-૯-૨૦૧૫, ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૦૩૮/૨, સેક્ટર-૧૩/સી, ગાંધીનગર

લિ.
તુષાર ઠાકોરભાઈ પાનવાલા
ઉમંગ ઠાકોરભાઈ પાનવાલા
(મો. ૯૮૯૮૫૭૫૬૫૦)

**બેસણું**



અમારા પરમપૂજ્ય પિતાશ્રી જીવણભાઈ ફરશુરામ શ્રીમાળી તા. ૨૨-૯-૨૦૧૫ ના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્ગતનું બેસણું અને લૌકિક ક્રિયા તા. ૨૫-૯-૨૦૧૫ ને શુક્રવારના રોજ સવારે ૮ થી સાંજે ૫ સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૪૧૪/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર. મો. ૭૫૭૪૮૩૧૩૦૧

લિ.
ગં.સ્વ. જશુબેન જીવણભાઈ શ્રીમાળી
કંદર્પ જીવણભાઈ શ્રીમાળી
પ્રણવ જીવણભાઈ શ્રીમાળી
દેવાભાઈ કે. શ્રીમાળી
સુરેશભાઈ કે. શ્રીમાળી
ભરતભાઈ પી. શ્રીમાળી
અને સમસ્ત શ્રીમાળી પરિવાર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

Give your shares on rent get an advance rent (ભાડું) upto 4.00% to 14.00%
Call : 8511568737 or www.nseindia.com

STOCK MARKET LEADER REQUIRED FOR NEW OFFICE AT INFOCITY
• Equity/Commodity Dealer : 1 Post
• Front Office Asst : 1 Post - Male
Deserving Candidate will get best salary package.Walk with full CV.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

**હાર્દિક અભિનંદન**





જીતેન્દ્રભાઈ આર. સેજાણી — પ્રમુખ
સેવંતીલાલ જે. ઠક્કર — મંત્રી
(જલારામ સેવા સમાજ, ગાંધીનગર)

જલારામ સેવા સમાજ, ગાંધીનગરમાં શ્રી જીતુભાઈ સેજાણીની પ્રમુખ તરીકે તથા સેવંતીલાલ જમનાલાલ ઠક્કરની મંત્રી તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ... આપશ્રીની ઉત્તરોત્તર પ્રગતિ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

શ્રી પદમસિંહ ચૌહાણ (કોલવડા)
પ્રમુખ, ભાજપ યુવા મોરચો, ગાંધીનગર મહાનગર
સંગઠનમંત્રી, શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગદર
ડિરેક્ટરશ્રી, લાયસન્સ ક્લબ ઓફ ગાંધીનગર
ઉપપ્રમુખશ્રી, જેસીઆઈ ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com